# Marck Biosciences' plan for IPO

## માર્ક બાયો સાયન્સિઝની આઈપીઓ લાવવાની યોજના

**અમદાવાદ :** ગુજરાતસ્થિત બાયો સાયન્સિઝ કંપની માર્ક દ્વારા ભારતમાં પ્રથમ વખત પ્લાસ્ટિક પેકમાં પેરાસિટામોલ આઈવી રજૂ કરવામાં આવી છે. પોતાની પ્રોડક્ટની રજૂઆત કરતાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ભાવેશ પટેલે જણાવ્યું હતું કે કંપની ગુજરાતમાં ખેડા ખાતે પોતાનું ઉત્પાદન એકમ ધરાવે છે અને અન્ય એક ઉત્પાદન એકમ કંપની દ્વારા ગોવા ખાતે હસ્તગત કરવામાં આવ્યું છે. પટેલે એમ પણ જણાવ્યું હતું કે કંપની પોતાનો આઈપીઓ લાવવાની યોજના ઘડી રહી છે જેના થકી એકત્રિત થનારાં ભંડોળનો ઉપયોગ તે ખેડા ખાતે આવેલા એકમની ઉત્પાદનક્ષમતા વધારવા માટે કરવા માગે છે. કંપની આઈપીઓ મારફતે અંદાજે રૂ. ૮૫ કરોડનું ભંડોળ એકત્રિત કરવા માગે છે, જોકે તેમણે આઈપીઓ ક્યારે આવશે તે અંગે કોઈ ચોક્કસ માહિતી આપી નહોતી.